ગ-૨ થી ગ-૪ સુધીના રોડ કોર્નરને દુર્ગંધ મુક્ત કરવા માંગ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેર સમગ્ર વિશ્વમાં હરિયાળી નગર અને સ્વચ્છ - સુઘડ નગરની ઓળખ ઊભી કરવા મથી રહ્યું છે ત્યારે છેલ્લા કેટલાય સમયથી સ્થાનિક રોડ કોર્નરો પર બેદરકાર નાગરિકોને લીધે લઘુશંકા જવા આસપાસનું વાતાવરણ દુર્ગંધયુક્ત બન્યું છે. ખાસ તો ગ-૨ થી ગ-૪ ના રોડ કોર્નરનો રહેણાંક સિવાયનો પટ્ટો દુર્ગંધ ભરેલો છે.

શહેરમાં નાની-મોટી મજૂરી કરીને જીવન ગુજારતા આદિવાસી - મજૂર વર્ગના લોકો ખુલ્લા વિસ્તારમાં ઝૂંપડા બાંધીને રહે છે. જાહેરમાં શૌચાલયની સુવિધા ન હોવાથી આ મજૂર વર્ગ ખુલ્લામાં, ઝાડીઓમાં રાત્રિ દરમિયાન લઘુશંકાએ જાય છે. ઉનાળાની ગરમીના લીધે તથા યોગ્ય સાફસફાઈ ન થવાને કારણે 'ગ' રોડ ખૂબ જ દુર્ગંધ મારે છે. બપોરના સમયે આ રોડ પરથી પસાર થતાં લોકોએ મોં પર રૂમાલ બાંધીને જવું પડે છે. ખૂબ જ ગંદકી અને ખરાબ વાસના લીધે આસપાસના લોકો ત્રાસી ગયા છે. ગંદકીની યોગ્ય સાફ-સફાઈ ન થવાથી ઉકેડા જેવો માહોલ સર્જાયો છે. ગાંધીનગરમાં રહેતા અને ઘરવિહોણા મજૂર વર્ગને તંત્ર તરફથી કોઈ પ્રકારની સુવિધા મળતી નથી. જાહેર શૌચાલયો કે મૂતરડીઓ પણ ગાંધીનગરમાં જોવા મળતી નથી. મજૂરીયાત વર્ગ શૌચાલયો કે મૂતરડીઓનાં અભાવે નાની મોટી ઝાડીઓના ઓઠા હેઠળ ગંદકી કરે છે. પરિણામે રોડ કોર્નર પાસેથી પસાર થતાં લોકો ખરાબ વાસથી નાક દાબીને ચૂપચાપ ત્યાંથી દોડ્યા જાય છે. તંત્ર આ બાબતે સાબદુ બને અને જરૂરી કાર્યવાહી આદરે તો કહેવાતું સ્વચ્છ ગાંધીનગર વાસ્તવિક રીતે સ્વચ્છ બને !

ભડકે બળતા ભાવ વધારાથી આમ આદમી ત્રસ્ત

જાદર, તા.૨૨

ઉનાળાની ગરમી શરૂ થતાં જ લગ્નસરાની મોસમ ખીલી ઊઠી છે. પણ ભડકે બળતો ભાવ વધારો આમ આદમીની કમર તોડી રહ્યો છે. ઘર વપરાશની ચીજ વસ્તુઓથી માંડીને દરેક પ્રકારની વસ્તુઓમાં અસંખ્ય ભાવ વધારો થતાં સામાન્ય, ગરીબ વર્ગના લોકોને જીવવું દુશ્કર બન્યું છે. ક્યારેક તો મોંઘવારીથી ત્રાસીને માણસ આત્મહત્યા કરી બેસે છે.

સાંપ્રત સમયમાં ખાંડ, ચા, ગોળ, પ્રેટ્રોલ, ગેસ અને દૂધના ભાવોમાં તથા શાકભાજી, ફળફળાદીમાં પણ ભાવ વધ્યો છે. જીવન જરૂરીયાતની ખાદ્ય સામગ્રીમાં વધેલા ભાવ વધારાને લીધે ગરીબ કે મધ્યમ વર્ગ ધરાઈને રોટલો ખાઈ શકે તેવી સ્થિતિ સર્જાણી નથી. રાજકીય પક્ષો નાનામોટા મેળાવડા કરીને પોતાના ચૂંટણી પ્રચારની આડમાં પોતાનો રોટલો શેકી રહ્યા છે. ટૂંક સમયમાં આવનારી વિધાનસભાની ચૂંટણીના પ્રચારના પડઘમ વાગી રહ્યા છે. કાર્યકરો ટિકિટ મેળવવા માટે નાના-મોટા દાવપેચ ચલાવી રહ્યા છે. કૃષિ મેળા, ગરીબ કલ્યાણ મેળાની આડસમાં પક્ષો પોતાની રાજકીય ઘંટડી વગાડે છે. ગરીબોને, મધ્યમ વર્ગને માન્યામાં ન આવે તેવા ઠાલા વચનો આપે છે. ભાવ ઘટાડવાના વાયદાઓ કરે છે. પણ મોંઘવારીને કાબૂમાં લેવાની કોઈ સજ્જડ કામગીરી કરતા નથી. દૂધ, કરિયાણું, સિંગતેલ, મિઠાઈ- ફરસાણ, શાકભાજી, વગેરેમાં થયેલો ભાવ વધારાથી મધ્યમ વર્ગ પોતાના લગ્ન પ્રસંગમાં દેવું કરીને પણ નાક સાચવવાના પ્રયત્નો કરી રહ્યું છે. બહેન, દીકરીના કે ભાઈ-ભાંડુની, સગાઈ, લગ્ન કે નાના મોટા પ્રસંગો કાઢવા માટે દરેક કુટુંબને નાકે દમ આવી જાય છે. મોંઘવારીની ભીંસથી ક્યારેક આ સમુદાય આત્મહત્યા કરી જીવન ટૂંકાવી દે છે. સરકાર આ બાબતે યોગ્ય પગલાં લે તેવું કચડાયેલો વર્ગ ઈચ્છી રહ્યો છે.

ઉવારસદમાંથી દારૂ-બિયરની બોટલો સાથે એક ઝડપાયો

ગાંધીનગર, તા.૨૨

અડાલજ પોલીસે આજે ઉવારસદ ગામમાં રેઈડ કરી દારૂ તેમજ બિયરની બોટલો સાથે એક શખ્સની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અડાલજ પોલીસે મળેલી બાતમીના આધારે આજે ઉવારસદ ગામમાં રેઈડ કરી એક શખ્સને વિદેશી દારૂની બોટલો સાથે ઝડપી લીધો હતો. અડાલજ પોલીસ સ્ટેશનના પી.એમ.આઈ. બી.એમ. રાઠવા તેમજ તેમના સ્ટાફે ગામના સુરેશ લક્ષ્મણજી ઠાકોરના ઘરે રેઈડ કરી તેની પાસેથી ચાર નંગ વિદેશી દારૂની બોટલો તેમજ ૫ નંગ બિયરની બોટલ સાથે રૂ. ૧૭૦૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત ઉવારસદ ફાટક પાસેથી પણ શકમંદ માલુમ પડેલા બાઈક ચાલકની પૂછપરછ હાથ ધરતા બાઈકની ડેકીમાંથી ૨ ૨ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે બાઈકચાલક રણજિતસિંહ બળદેવસિંહ અઠવાલની ધરપકડ કરી બાઈક સહિત રૂ. ૧૫૪૫૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ અંગે અડાલજ પોલીસના હેડ કોન્સ્ટેબલ જગદીશભાઈએ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સેક્ટર-૨ ઉમાં કાયમી બસ સ્ટેન્ડ બનાવવા રહીશોની માંગ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં વિશાળ વિસ્તાર ધરાવતાં સેક્ટર-૨ ઉમાં ચોક્કસ કાયમી બસ સ્ટેન્ડ ન હોવાથી રહીશોને મુસાફરી મામલે ભારે મુશ્કેલીઓ વેઠવી પડે છે. ગાંધીનગરને મનપાનો દરજ્જો મળ્યોછે ત્યારે રહીશો આરાધના સ્કૂલની સામે કાયમી બસ સ્ટેન્ડ બનાવવા માંગણી કરી રહ્યા છે.

મળતી માહિતી અનુસાર સેક્ટર-૨ ઉમાં કડી સર્વ વિદ્યાલય, ગુરૂકુળ તથા સરકારી શાળાઓ આવેલી છે જેથી અન્ય શહેરો અને જિલ્લામાંથી ખુબજ પ્રમાણમાં વિદ્યાર્થીઓ અહીયા અભ્યાસ અર્થે આવે છે. જેઓના વાલી શિક્ષણ સંકુલ નજીક સેક્ટર-૨ ઉમાં રહેવાની વ્યવસ્થા કરી હોય છે. પરંતુ રજાઓ કે પ્રસંગે વતનમાં જવા આવવા માટે સેક્ટર-૨ ઉમાં કોઈ ચોક્કસ બસ સ્ટેન્ડ ન હોવાથી મુસાફરી આકરી પડે છે. જો કે સેક્ટર-૨ ઉના છેડે આવેલા ઘ-૬ અને ઘ-૫ નજીક કાયમી ધોરણે બસ સ્ટેન્ડ બનેલા છે. તેનો ઉપયોગ થઈ રહ્યો છે. પરંતુ સીટી બસ કે એસ.ટી. બસમાં કોલવડા કે ગ રોડ ઉપર ઉતરવું હોય તો કંડક્ટરને વિનંતી કરવી પડે છે. આથી રહીશો આરાધના સ્કૂલની સામે, સ્વામિનારાયણ મંદિર પાસે કાયમી બસ સ્ટેન્ડ બનાવવા માંગણી કરી રહ્યા છે.

નિસર્ગ સેન્ટર દ્વારા વિવિધ કાર્યક્રમો સાથે ધરતી દિનની ઉજવણી કરાઈ

નિસર્ગ સાયન્સ સેન્ટર અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ગાંધીનગરના સહયોગથી '૨૨મી એપ્રિલ - ધરતી દિન'ની ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આમંત્રિત મહાનુભાવો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને કાર્યક્રમોમાં ભાગ લીધો હતો.

કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત સર્વે મહાનુભાવોએ ધરતી માતાની પૂજા કરી હતી. બાદમાં નરેશભાઈ ઠાકરે વિદ્યાર્થીઓને પ્રદૂષણ અટકાવવા માટેના ઉપાયો વિશે પ્રવચન આપ્યું હતું. જ્યારે કે.સી. મિસ્ત્રીએ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કામગીરી વિશે ખ્યાલ આપ્યો હતો. તેમજ અનિલભાઈ પટેલે વિદ્યાર્થીઓને ઘરમાં, શાળામાં તેમજ સમાજમાં કઈ રીતે પ્રદૂષણ થતુ અટકાવવું તે વિશે વિસ્તૃત સમજ આપી હતી.

આ ઉપરાંત કાર્યક્રમમાં એક ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. જેમાં એ વિભાગમાં કોમલ શર્મા પ્રથમ, દેવાંશી રમેશ દ્વિતીય અને ક્રિસ ધીયા તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા તથા 'બી' વિભાગમાં સ્મીત પટેલ પ્રથમ, નિધિ ગોહેલ દ્વિતીય અને નિરજ શર્મા તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા. જેમને રોકડ રકમ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન હાર્દિક મકવાણા, હાર્દિક ભટ્ટ અને શિવાંગ પટેલે કર્યું હતું.

મહુડીથી નારેશ્વર સુધીની એસ.ટી. બસ સેવા શરૂ થતાં લોકોમાં આનંદ

ગાંધીનગર, તા.૨૨

ઉત્તર-મધ્ય ગુજરાતના યાત્રાધામ મહુડી-નારેશ્વર તીર્થ સ્થળોને સાંકળતી એસ.ટી. બસ સેવા શરૂ થતાં અખિલ ભારત શ્રી રંગ અવધૂત પરિવાર તથા હિન્દુ જૈન ધર્મ ભાઈ-બહેનોમાં આનંદની લાગણી પ્રવર્તી છે.

ઉત્તર ગુજરાતના મહુડી ગામે આવેલા શ્રી ઘંટાકર્ણ ભગવાનના મંદિરની તથા નર્મદા કિનારા પર આવેલા પ.પૂજ્યશ્રી રંગ અવધૂત મહારાજના આશ્રમ સુધીની બસ સેવા સવારે ૫.૪૫ કલાકે મહુડીથી ઉપડી વાયા ગાંધીનગર પથિકાશ્રમ થઈ વાયા અમદાવાદ, વડોદરા, પોર, બળિયાદેવ, કરજણ, નારેશ્વર ખાતે ૧૧.૩૦ કલાકે પહોંચશે. નારેશ્વરથી આ જ બસ બપોરે ૨.૩૦ કલાકે ઉપડી મહુડી ખાતે રાત્રિના ૮.૩૦ કલાકે પહોંચશે. એસ.ટી. કોર્પોરેશન દ્વારા શરૂ કરાયેલી આ બસ સેવાથી લોકોમાં આનંદની લાગણી ફેલાઈ છે. સરકારે પવિત્ર યાત્રાધામોના વિકાસ અંતર્ગત નારેશ્વર રસ્તાને દ્વિચક્રી માર્ગ બનાવવાનો નિર્ણય લેતા નર્મદા કિનારા તરફ જવા ગુજરાતના લોકોને સરળતા રહેશે. વધુમાં નર્મદા કિનારાના ગુજરાતના ઉત્તર તટ અને દક્ષિણ તટ પર આવેલા ૨૫ તીર્થોના દર્શનાર્થે જઈ શકે તે અંગે નારેશ્વનર ખાતે એક અદ્યતન એસ.ટી. સ્ટેન્ડ બનાવીને પ્રવાસન નિગમની બસ શરૂ કરવાની સરકારમાં રજૂઆત કરવામાં આવી છે.

ઘ ચારના બગીચા પાસે લુખ્ખા તત્વોનો ત્રાસ : બાઈક રેસથી અકસ્માતનો ભય

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના નવીન આકાર પામેલા ઘ સાડાચારના બગીચાએ બાળકો અને શહેરીજનોમાં આકર્ષણ જમાવ્યું છે. વેકેશનના માહોલમાં અને ગરમીની સિઝનમાં સાંજના આ બગીચામાં કીડીયારૂ ઉભરાય છે. પરંતુ કેટલાક તત્વો દ્વારા આ મનોરંજન સ્થળને અસામાજીક પ્રવૃત્તિથી બદનામ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જેને પોલીસ દ્વારા સમયસર અંકુશમાં લેવાય તેવી માંગ ઉઠવા પામી છે.

મળેલ વિગતો મુજબ વિધાનસભા સંકુલ અને મહાત્મા મંદિરના માર્ગ વચ્ચે નવીન આકાર પામેલ ઉદ્યાનમાં હાલ બાળકો અને શહેરીજનો હોંશે હોંશે આનંદ મેળવી રહ્યા છે. ભરચક રહેતા આ ઉદ્યાનમાં બાળકો અનેક પ્રવૃત્તિ કરી આનંદ મેળવે છે જ્યારે મોટેરાંઓ ગરમીથી રાહત મેળવી શીતળતાનો અનુભવ કરી રહ્યા છે. પરંતુ કેટલાક અસામાજીક તત્વો આ ઉદ્યાન ફરતે અડ્ડો જમાવી ટીખળ પ્રવૃત્તિ કરતાં નજરે પડી રહ્યા છે. તેમજ કેટલાક નબીરાઓ મોંઘીદાટ બાઈકો ઉપર ઉદ્યાનની આજુબાજુ પૂરઝડપે રેસ લગાવી ભયનું મોજુ ફેલાવી રહ્યા છે.

બગીચામાં આવતા શહેરીજનો અને બાળકોમાં આ અંગે દહેશત ઉભી થાય છે. તેમજ વાલીઓ પોતાના બાળકોની સંભાળ લેવામાં વ્યસ્ત નજરે પડે છે. ગાંધીનગરના આ મનોરંજન સ્થળની અનેક શહેરીજનો હાલમાં મુલાકાત લઈ રહ્યા છે ત્યારે આવા તત્વોને નસીયત કરવા જોઈએ તેવી મુલાકાતીઓમાં માંગ ઉઠવા પામી છે.

આ ઉદ્યાન નજીક પોલીસ પોઈન્ટ મુકી રાત્રીના સમયે સતત પોલીસની દેખરેખ રહે તો વાલીઓ અને મુલાકાતીઓમાં રાહતની લાગણી પેદા થાય તેવી આશા જન્મી છે.

કુદરતી આપત્તિઓમાં સહાય ચુકવવામાં થતા વિલંબને ટાળવા શહેરી વિસ્તારમાં કલેક્ટર ગ્રામ્ય વિસ્તારમાં જિલ્લા વિકાસ અધિકારી ચૂકવશે

ગાંધીનગર, તા. ૨૨

રાજયમાં કુદરતી આપત્તિઓમાં સહાય આપવામાં થતાં વિલંબને ટાળવા માટે સહાય ચૂકવવાની સત્તા જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીને આપવાનું રાજય સરકારે નિર્ણય કર્યો છે.

રાજયમાં કુદરતી આપત્તિઓમાં સહાય આપવા માટેનો ઠરાવ કરવામાં આવેલ જેમાં કુદરતી આફતોમાં નાના અને સીમાંત ખેડૂતો માટેની સહાય માછીમારોને થયેલ નૂકશાન માટેની સહાય ગ્રામ્ય કારીગરોને થયેલ નુકશાન માટેની સહાય ગ્રામ્ય કારીગરોને થયેલ નુકશાન માટેની સહાય સંબંધિત વિભાગો મારફત ચૂકવવાની જોગવાઈ કરવામાં આવેલ હતી.

આવી સહાય સંબંધિત વિભાગ મારફત મંજુર કરવાની તથા ચૂકવવાની લાંબી પ્રક્રિયાને કારણે સહાય ચૂકવવામાં ખૂબ જ વિલંબ થવા પામે છે.

આ વિલંબ નિવારવા માટે આવી સહાય કલેક્ટર મારફતે સંબંધિત વિભાગોને થયેલ નુકશાનનો સર્વે સબંધિત વિભાગો જે તે વિભાગ હસ્તકની ક્ષેત્રીય કચેરીઓ મારફત કરાવીને સહાય ચૂકવવામાં આવે તો વિલંબ નિવારી શકાય અને ખરેખર લાભાર્થીઓને સમયસર સહાય મળી રહે.

આથી રાજ્ય સરકારે આવી સહાય શહેરી વિસ્તાર માટે કલેક્ટર અને ગ્રામ્ય વિસ્તાર માટે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ચૂકવવાનું નક્કી કર્યું છે.

આ ઉપરાંત નાના અને સીમાંત ખેડૂતોને જમીન ધોવાણ માટે પ્રતિ હેક્ટરે રૂ. ૬ હજાર, પાકને નુકશાન માટે ૫૦ ટકા કરતાં વધારે નુકશાનના કિસ્સામાં જ હેક્ટર દીઠ રૂ. બે હજાર હેક્ટર દીઠ પિયત વિસ્તાર માટે રૂ. ૪૦૦૦, બારમાસી પાકો માટે પ્રતિ હેક્ટર માટે રૂ. ૬૦૦૦ સહાય ચૂકવાશે.

કુદરતી આપત્તિઓ સમયે માછીમારોને થયેલ નુકશાન માટે જાળી અને અંશતઃ નુકશાન પામેલ હોડી સાધનોના રીપેરીંગ માટે રૂ. ૨૫૦૦, જાળી અને સંપૂર્ણ નુકશાન પામેલ હોડી સાધનોના રીપેરીંગ માટે રૂ. ૭૫૦૦ તેમજ મત્સ્ય બીજ માટે ઈનપુટ સબસીડી હેક્ટર દીઠ રૂ. ૪૦૦૦ ચૂકવાશે.

ગ્રામ્ય કારીગરોને થયેલ નુકશાન માટે પરંપરાગત હાથ કારીગરો માટે સાધનોની ખરીદી કરવા રૂ. બે હજાર, કાચા પાકા માલ માટે કારીગર દીઠ રૂ. બે હજાર, હાથશાળ કારીગરો માટે રૂ. ૧૦૦૦ હાથશાળ દીઠ, નુકશાન પામેલ હાથશાળ બદલવા માટે રૂ. બે હજાર અને કાચામાલની ખરીદી માટે રૂ. બે હજાર સહાય ચૂકવાશે.

શિક્ષણ-સંસ્કારનો વારસો માત્ર એક પેઢી નહીં સાત પેઢીઓને સમૃદ્ધ બનાવે છે

ગાંધીનગરના વેપારી જગતમાં મોટું નામ ધરાવતા જશુભાઈ મોદી અને તેમના પરિવારની નામના પિતાશ્રી છોટાલાલ મોદીના સંસ્કારોને આભારી છું

બાપ-દાદા તરફથી સંપતિનો વારસો મળે કે ન મળે પણ જો શિક્ષણ-સંસ્કારનો વારસો મળે તો પેઢીઓની પેઢી તરી જાય છે. અને સમાજમાં નામના મેળવે છે. ગાંધીનગરના વેપારી જગતમાં જશુભાઈ મોદીનું નામ ખૂબ મોટું છે. તેમના સમાજમાં પણ તેમનું નામ આદરથી લેવાય છે. આજે તેઓ જે કંઈ છે અને તેમનું કુટુંબ જે સિદ્ધિઓ હાંસલ કરી શક્યું છે તેની પાછળ પિતાશ્રી છોટાલાલ માણેકલાલ મોદી હોવાનું જશુભાઈ કહે છે. તેમણે જે પગદંડી બનાવી તેને જ રાહ બનાવી આજે મોદી કુટુંબ ગાંધીનગરમાં આગવું સ્થાન ઉભું કરી શક્યું છે.

મૂળ પેથાપુર ગામના વતની છોટાલાલ મોદીએ જીવનના ૫૦ વર્ષ શિક્ષણ ક્ષેત્રની સેવા પાછળ ખર્ચ્યાં છે. પેથાપુર જેવા નાનકડા ગામનો દરેક બાળક ભણીગણી નામના પામે તેવી મહેચ્છા રાખનાર છોટાલાલ મોદી નિવૃત્તિ પછી પણ સતત પોતાની પેથાપુર હાઈસ્કૂલમાં સેવા આપતા રહ્યા. કોઈપણ પ્રકારની મુશ્કેલીમાંથી રાહ કાઢવો અને દરેકને સાથે લઈને ચાલવાનો ગુણ તેમના બંને દિકરાઓ જ્યંતિભાઈ મોદી અને જશુભાઈ મોદીમાં ઉતર્યા

સંબંધ સજાવે જિંદગી

શેક્યું પપ્પા

- તબસ્સુમ પઠાણ

gsrelation@yahoo.com

છે. ગાંધીનગરના વેપારી આલમમાં મોટું નામ ધરાવતા જશુભાઈ મોદી કહે છે કે અમે બંને ભાઈઓ અન્ય બાળકોની જેમ પેથાપુરની શાળામાં જ ભણ્યા છીએ. પિતાજી માટે શિક્ષણનું મહત્વ ખૂબ પરંતુ, અમારા પર ક્યારેય તેમણે તેમની મહત્વાકાંક્ષાનો ભાર નાંખ્યો નથી. મારે પોતાનો વ્યવસાય કરવો હતો તો તેની પણ મને છૂટ આપી. પિતાજીની નિવૃત્તિ બાદ અમે સેકટર-૨ ૨માં રહેવા આવ્યા. તેઓ દરરોજ અહીંથી પેથાપુર જતાં. ગામના નાના- મોટા સેવાકીય અને શૈક્ષણિક કાર્યોમાં હંમેશા અગ્રેસર રહેનાર પિતાજીએ અમને શિખવેલો સાદગીનો પાઠ અમે ક્યારેય ભૂલ્યા નથી. અમારા બાળકો પણ સાદગીનો પાઠ તેમની પાસેથી શિખ્યા હોવાથી આર્થિક સમૃધ્ધિ મળ્યા પછી પણ તેઓ સ્વચ્છંદ થયા નથી. અને આજે ખૂબ ભણીગણી આપબળે સ્થિર થયા છે. સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવનાથી પ્રેરાઈને તેમણે અમારા સમાજ માટે કંઈકને કંઈક કાર્ય આજીવન કર્યું. તેમની સેવાની સુવાસ સમાજમાં ફેલાયેલી છે અને તેનો લાભ અમને મળી રહ્યો છે. તેમની સેવાની સુવાસ અમે હજુ પ્રસરાવવા માંગીએ છીએ. સ્વભાવ ભલે તેમનો કડક હોય, પ્રેમાળ પણ એટલા જ. તેઓ જીવ્યા ત્યાં સુધી તેમના વિદ્યાર્થીઓ તેમની પાસે સતત કોઈને કોઈ મદદ કે માર્ગદર્શન માટે આવતા અને તેઓ તેમની યથાશક્તિ મદદ કરતાં. જશુભાઈ કહે છે કે આજકાલ સફળતા મેળવવા માટે ઘણાં શોર્ટકટ અપનાવે છે. પિતાજીએ અમને શિખવ્યું સંઘર્ષ કરી લાંબી મજલ કાપી જીવનમાં સફળતા મેળવો તો તેનો આનંદ અનેકગણો હોય અને આવી સફળતા કાયમી રહે છે. મોદી કુટુંબે વર્ષોની સંઘર્ષ યાત્રા કરી સફળતા મેળવી છે. તેમની પાછળ પિતાજીનો આ જ સિધ્ધાંત છે. તેઓ આજે ભલે અમારી વચ્ચે ન હોય પરંતુ, તેમણે આપેલા સંસ્કારોથી મોટી કુટુંબ પેઢી દર પેઢી વધુને વધુ સમૃધ્ધ થતું જશે. પિતાજી આપના આર્શીવાદ હંમેશા અમારી સાથે રહે...! તે જ આભ્યર્થના...!

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૨૭

સૂર્યાસ્ત : ૦૭.૦૧

તાપમાન

મહત્તમ : ૩૭.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૧.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૬ ટકા ● સાંજે ૨૮ ટકા

મનોરંજન

હિંદી પલ્સ

સ્ક્રીન-૧ : હાઉસ ફૂલ ૨ : ૧૨.૩૦,૩.૩૦,૬.૪૫,૯.૩૦

સ્ક્રીન-૨ : હાઉસ ફૂલ ૨ : ૨.૩૦

વીકી ડોનર : ૧૦.૦૦, ૧૨.૧૫, ૮.૦૦, ૧૦.૩૦

હેટ સ્ટોરી : ૫.૩૦

સ્ક્રીન-૩ : બેટલશીપ (હિન્દી) : ૧૧.૦૦, ૭.૧૫

હાઉસ ફૂલ ૨ : ૧.૧૫, ૪.૧૫, ૯.૩૦

સ્ક્રીન-૪ : વીકી ડોનર : ૩.૦૦, ૫.૩૦

હેટ સ્ટોરી : ૧૦.૦૦, ૧૨.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

સિને મેક્સ

સ્ક્રીન-૧ : ટાઈટેનીક ૩-ડી(હિન્દી) :૧૦.૪૫, ૨.૧૫, ૬.૦૦, ૯.૩૦

સ્ક્રીન-૨ : હાઉસ ફૂલ ૨ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૩ : હેટ સ્ટોરી : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૯.૪૫

સ્ક્રીન-૪ : વીકી ડોનર : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

સૂર્યા, વાવોલ

હેટ સ્ટોરી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

પ્રીતના સૌગંધ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

આપની આજ

- કિશોર ત્રિવેદી

મેષ : સંબંધીઓથી મતભેદ ઉભો ન થાય તેની કાળજી લેવી. વાદ-વિવાદ ન કરવો. કોઈપણ વ્યક્તિ ઉપર અતિવિશ્વાસ મુકવો નહી. ખર્ચમાં કમી કરવાનો પ્રયત્ન કરવો.

વૃષભ : વાહન ચલાવતા સાવચેતી રાખવી. નોકરીમાં જવાબદારીને અનુરૂપ કાર્ય કરવું. મનોરંજનના અવસર મળી શકે છે. સામાજિક આયોજનોમાં ભાગીદારી રહેશે.

મિથુન : વિવાદોથી દૂર રહેવું હિતાવહ બની રહે. સંતાન પક્ષ, મુત્ર વર્ગ સંબંધી શોધપૂર્ણ કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક ક્ષેત્રમાં નવા રસ્તાઓ મળી રહે.

કર્ક : શોધ, અનુસંધાનપૂર્ણ કાર્યોમાં ધન તેમજ સમય પસાર થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ બને છે. ભાગ્યવર્ધક યાત્રાઓ સંભાવિત છે.

સિંહ : શોધપૂર્ણ કાર્યોથી વિશેષ લાભ પ્રાપ્તિ થઈ શકે છે. ધર્મ, આધ્યાત્મ તરફ તમે પ્રરેશો. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ વદ્ધિ થઈ શકે છે.

કન્યા : આરોગ્ય બાબતે કાળજી લેવી. કૌટુંબીજનો સાથે મનોરંજન, આનંદ-પ્રમોદ સાથે દિવસ પસાર થઈ શકે છે. સ્નેહીજનો અને મિત્રોથી વિશેષ લાભ મળી શકે છે.

તુલા : જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. સામાજિક ક્ષેત્રે પદ, પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા પ્રવાસ થઈ શકે છે.

વૃશ્ચિક : નવા કાર્યો માટે ભાગદોડ થઈ શકે છે. ધર્મ, આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થઈ શકે છે. ભાગીદારોથી લાભ પ્રાપ્તિ થઈ શકે છે.

ધન : વાહનની ખરીદી થઈ શકે છે. પ્રયત્નોમાં સફળતા મળી શકે છે. સંબંધો પ્રત્યે વિશેષ સાવધાની રાખવી જરૂરી રહેશે. વડીલોનું માર્ગદર્શન ઉપયોગી નીવડી શકે છે.

મકર : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ ઉભો નથાય તેની કાળજી રાખવી. મતભેદાથી રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું.

કુંભ : સંતોષપ્રદ વાતાવરણ ઉભું થઈ શકે છે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. વિચારેલું કાર્ય સમય પર થઈ શખે છે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળી રહે.

મીન : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થઈ શકે છે. વ્યાવહારિક જીવનમાં પોતાના ગુસ્સા પર કાબૂ રાખવો.

ચિરવિદાય

- સ્વ. રતનબેન પોપટભાઈ પ્રજાપતિ (ઉ. વ. ૭૨) પ્લોટ નં. ૬૫૬, આદર્શનગર, સેકટર- ૨૪, ગાંધીનગર.
- સ્વ. અશોકકુમાર શામળદાસ ગજ્જર (ઉ. વ. ૫૪) પ્લોટ નં. ૭૮૪, આદર્શનગર, સેકટર- ૨૪, ગાંધીનગર.

અરવિંદ કેન્દ્રમાં અશ્વિનભાઈ કાપડીયાનું 'સાવિત્રી' પર વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૨૨

શ્રી અરવિંદ તત્વ દર્શન તથા સાવિત્રી મહાકાવ્યના ઊંડા અભ્યાસી અને આંતરરાષ્ટ્રીય વક્ત તથા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ ઉપકુલપતિ અશ્વિભાઈ કાપડીયાનું 'સાવિત્રી' મહાકાવ્ય ઉપર તા.૪ થી મે થી ૬ ઠ્ઠી મે દરમિયાન વ્યાખ્યાન યોજાશે.

શ્રી રંગ અવધૂત પરિવાર, સીનીયર સિટીઝન્સ કાઉન્સિલ અને અરવિંદ કેન્દ્રનાં ઉપક્રમે તા. ૪ થી ૬ મે દરમિયાન શ્રી અરવિંદ કેન્દ્ર, સેકટર-૨૩ ગાંધીનર ખાતે વ્યાખ્યાન માળા યોજાશે. જેમાં સર્વે રસિકજનોને ઉપસ્થિત રહેવા પ્રમુખ ડૉ. સી.કે. તન્નાએ ખાસ જણાવ્યું છે.